Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :43• Date : 13-02-2025 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

## મહાકુંભ જતા શ્રદ્ધાળુઓ ૧૦૦ કિ.મી. સુધી ટ્રાફિક જામમાં ફસાયા

એજન્સી દ્વારા

પ્રયાગરાજ

મહાકુંભમાં પવિત્ર સ્નાનનો લ્હાવો લેવા માટે શ્રદ્ધાળુઓ ગુજરાતથી લઈ અનેક રાજ્યોમાંથી બસ, ટ્રેન કે કારમાં પ્રયાગરાજ તરફ પ્રયાણ કરી રહ્યા છે. જોકે આના લીધે પ્રયાગરાજની આસપાસના ૧૦૦-૧૦૦ કિ.મી.થી વધુના વિસ્તારમાં ટ્રાફિકનો ચક્કાજામ થઈ ગયો છે. લાખો વાહનો રોડ પર એકદમ સ્ટક થઈ ગયા છે, ઊભા રહી ગયા છે અને કલાકો સુધી એક ઈંચ પણ વાહન આગળ ન વધી શકે એવી સ્થિતિનું નિર્માણ થયું છે. આનાથી બાળકોથી લઈ વડીલ વૃદ્ધ મુસાફરો પરેશાન થઈ ગયા છે. અહીં તેમને ટ્રાફિક જામમાં ૧૫ કલાક સુધી ઊભા રહેવું પડે એવી સ્થિતિનું નિર્માણ થયું છે.

અમદાવાદથી નીકળેલા મુસાફરો ઝાંસીથી બુંદેલખંડ હાઈવે દ્વારા ચિત્રકુટ પહોંચી ગયા હતા પરંતુ ચિત્રકુટ પહોંચી ગયા બાદ ત્યાંથી પ્રયાગરાજના ૧૨૦ કિમી સુધીની સફર દરમિયાન તેમને લાંબા ટ્રાફિક જામમાં ફસાવાની નોબત આવી છે. તેમને ત્યાં ૧૫ કલાક સુધીના વેઈટિંગનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં ગુજરાતના પણ ઘણા શ્રદ્ધાળુ ફસાઈ ગયા છે. અહીં એક ઈંચ પણ ગાડી, બસ કે વ્હિકલ આગળ નથી વધતા અને કલાકો સુધી લોકોને કારમાં જ અટવાયેલા રહેવું પડે છે.

આમાં વધારે ટ્રાફિકજામ ત્યારે સર્જાયો કે ઉત્તરપ્રદેશના લોકો પણ પ્રયાગરાજ જવા નીકળવા માટે વ્હિકલ લઈને આવી રહ્યા છે. તેમને પણ નજીકનું અંતર કાપવું હોય છે તો પણ કલાકો સુધી ટ્રાફિકમાં ફસાવવાની નોબત આવી છે. સુરતથી પરિવાર સાથે ઉજ્જૈન-રીવા અને ત્યાંથી પ્રયાગરાજ જવા નીકળેલા સુનિલ મહેતા પણ આ ટ્રાફિકમાં અટવાઈ ગયા છે. હવે આવી સ્થિતિમાં બાળકોથી લઈ વૃદ્ધો પણ કલાકો સુધી ટ્રાફિકમાં અટવાઈ ગયા છે. તેમની હાલત દયનીય બની ગઈ છે. લોકોને સમજાઈ જ નથી રહ્યું કે આગળ કેવી રીતે જવું. હવે આવી પરિસ્થિતિમાં પાછા ફરવા માટે પણ તેમને કોઈ વિકલ્પ નથી મળતો એટલે જોવાજેવી સ્થિતિ થઈ છે.

હવે એક બાજુ કુંભમાં અસામાન્ય ભીડ અને ટ્રાફિકજામને કારણે પ્રયાગરાજ પ્રશાસને પણ પેસેન્જર્સને ટ્રાફિક ક્લિયર ન થાય ત્યાં સુધી ક્યાંય પણ આગળ ન જવા વિનંતી કરી છે. બીજી બાજુ ઝાંસી, ચિત્રકુટ, ઉજ્જૈન રીવા સહિતના શહેરોમાં પણ પોલીસ અને તંત્ર દ્વારા વાહનોને સુરક્ષિત પરત ફરી જાય એની જ સલાહ આપવામાં આવી રહી છે. આથી કરીને લોકો ટ્રાફિક જામથી કંટાળીને કુંભસ્નાનનો લાભ લીધા વિના જ પરત ફરવા લાચાર બન્યા છે. જોકે ઘણા પેસેન્જર્સ તો એવા છે કે પરત ફરવું છે પણ હવે ટ્રાફિકમાં એવા અટવાયા કે આગળ પણ ન જઈ શકે કે પાછળ પણ ન આવી શકે. અહીં ૧૦૦થી ૧૫૦ કિમી સુધી ટ્રાફિક જામ હોવાની માહિતી મળી રહી છે.

કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલા ઘણા શ્રદ્ધાળુઓની ગાડીઓના તો પેટ્રોલ-ડીઝલ પૂરા થઈ ગયા હતા. હવે આગળ તેમનું વ્હિકલ વધી શકે એમ જ ન હોય તેવામાં નજીકમાં ક્યાય પેટ્રોલ પંપ પણ ન મળતા લોકો અટવાઈ ગયા છે. એટલું જ નહીં શ્રદ્ધાળુઓનો ધસારો એટલો વધી ગયો છે કે પેટ્રોલ પંપ વાળાએ બોર્ડ લગાડવા પડ્યા હતા કે અમારે ડિઝલ-પેટ્રોલ અને ગેસનો સ્ટોક પૂરો થઈ ગયો છે. હવે અમારા પાસે એકપણ ફ્યુઅલનો સ્ટોક નથી. આવી સ્થિતિમાં લોકો જે થોડોઘણો નાસ્તો લઈને આવેલા તે પણ પૂરો થઈ ગયો હતો. ઘણા શ્રદ્ધાળુઓ ભૂખ્યા રહેવા પણ મજબૂર બન્યા હતા. તો બીજી બાજુ હવે આસપાસનાં ગામના લોકો તેમની મદદ કરવા માટે આવી રહ્યા છે. સોમવારે મોડી રાત્રે લખનઉમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને અધિકારીઓ સાથે એક બેઠક યોજાઈ હતી. સીએમ યોગીએ કહ્યું કે ૫ લાખથી વધુ ક્ષમતા ધરાવતી વાહન પાર્કિંગ સુવિધા છે, તેનો ઉપયોગ કરો. પ્રયાગરાજની સરહદો પર બનેલા પાર્કિંગ સ્થળોનું અસરકારક રીતે સંચાલન ચાલુ રાખો. બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને મદદ કરો અને નિયમો વિરુદ્ધ કોઈપણ વાહનને મેળા વિસ્તારમાં પ્રવેશવા ન દો. જરૂરિયાત મુજબ શટલ બસોનો ઉપયોગ કરવો જોઈએ. તેમની સંખ્યા વધારવી જોઈએ. રસ્તાઓ પર વાહનોની કતારો ન હોવી જોઈએ. રસ્તા પર ગમે ત્યાં વાહનો પાર્ક કરવા ન દો. પ્રયાગરાજને અડીને આવેલા જિલ્લાઓના ડીએમ પ્રયાગરાજ વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં રહ્યા હતા. મેળા વિસ્તારમાં ભીડનું દબાણ ટાળવા માટે જરૂરિયાત મુજબ બેરિકેડિંગ કરવું જોઈએ. ટોલના નામે ટ્રાફિક જામ ન હોવો જોઈએ એવી માહિતી પણ આપી હતી.

મહાકુંભની શરૂઆતથી જ પ્રયાગરાજમાં ભારે ભીડ જોવા મળે છે. ત્યારથી અહીં પુરવઠા પર અસર પડી છે. મૌની અમાવસ્યાથી વસંત પંચમી સુધી ભીડથી થોડી રાહત મળી છે. આ સમયગાળા દરમિયાન, ટ્રાફિક ડાયવર્ઝનમાં પણ થોડી છૂટછાટ આપવામાં આવી હતી. તે પછી, ૯ ફેબ્રુઆરીથી ભીડ અચાનક ફરી વધવા લાગી હતી. આ ભીડ સતત વધી રહી છે. આના કારણે, શહેરમાં ઘણી જગ્યાએ ડાયવર્ઝન છે અને બોર્ડર પર જ ફોર વ્હીલર્સને રોકવામાં આવી રહ્યા છે. જથ્થાબંધ કે છૂટક દુકાનદારોએ આ સરહદો પરથી માલ જાતે મંગાવવો પડશે. સામાન લોડ કર્યા પછી પણ અંદર લાવી શકાતો નથી. આવી સ્થિતિમાં, આપણે આપણા પોતાના સાધનોનો ઉપયોગ કરીને થોડો જ માલ મેળવી શકીએ છીએ. પ્રયાગરાજ અને આસપાસના જિલ્લાઓમાં ઉભી થયેલી જામ જેવી પરિસ્થિતિ અંગે યુપી ડીજીપીએ મોટી વાત કહી છે.

તેમણે કહ્યું કે ભક્તોની અસાધારણ સંખ્યાને કારણે આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. અત્યાર સુધીમાં ૪૦ કરોડથી વધુ ભક્તોએ ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યું છે. દરરોજ લાખો લોકો પ્રયાગરાજ પહોંચી રહ્યા છે. આ સ્થિતિમાં વાહનો અને લોકોની અવરજવરનું સંચાલન કરવું એ કોઈપણ વહીવટીતંત્ર કે પોલીસ દળ માટે અત્યારસુધીનો સૌથી મોટો પડકાર બની ગયો છે.

પ્રયાગરાજ મહાકુંભ ખાતે માઘી પૂર્ણિમા સ્નાન ઉત્સવ માટે એકઠી થતી વિશાળ ભીડને નિયંત્રિત કરવા અને વધુ સારી વ્યવસ્થા કરવા માટે ત્રણ IAS અને ૨૫ PCS અધિકારીઓને અલગથી તૈનાત કરવામાં આવ્યા છે. આ અધિકારીઓ યુપી પાવર કોર્પોરેશનના ચેરમેન ડો. આશિષ કુમાર ગોયલની દેખરેખ હેઠળ કામ કરશે. આ અધિકારીઓ ૧૭ ફેબ્રુઆરી સુધી મહાકુંભ નગરમાં રહેશે. સોમવારે બપોરે એડીજી કાયદો અને વ્યવસ્થા અમિતાભ યશ પણ પ્રયાગરાજ પહોંચ્યા અને ચાર્જ સંભાળ્યો હતો.

IAS અધિકારીઓમાં, બારાબંકીના જોઈન્ટ મેજિસ્ટ્રેટ રલ્લાપલ્લી જગત સાંઈ, અલીગઢના જોઈન્ટ મેજિસ્ટ્રેટ શાશ્વત ત્રિપુરારી અને મેરઠના જોઈન્ટ મેજિસ્ટ્રેટ કંડારકર કમલ કિશોર દેશભૂષણની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત, ૨૫ પીસીએસ અધિકારીઓને પણ તૈનાત કરવામાં આવ્યા છે.

## જુનાગઢ મનપાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોએ સોગંદનામું કરીને બાંહેધરી આપી છે

પ્રતિનિધિ દ્વારા

જૂનાગઢ

જૂનાગઢ શહેરના વોર્ડ નંબર ૪ અને ૬માં કોંગ્રેસના તમામ ઉમેદવારોએ મનપાની ચૂંટણીમાં અનોખું સોગંદનામું જાહેર કર્યું છે. આ સોગંદનામામાં ઉમેદવારોએ લોકોને પ્રાથમિક સુવિધાઓ માટેની વધુ પ્રક્રિયાઓ અંગે મદદ અને નિવારણ માટે પ્રયત્નશીલ રહેવાનો વચન આપ્યા. ઉમેદવારો દ્વારા લોકોને સંકટની પરિસ્થિતિમાં સામનો કરવાના વચનો પણ આપવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, જો કોઈ મતદાર ફરિયાદ કરતો હોય તો તેઓ તેને લાક્ષણિક રીતે મદદરૂપ થવાનો પ્રયત્ન કરશે. આ ઉપરાંત, જો મતદારો ફોન કરવામાં ન સફળ થાય, તો પ્રતિક્રિયા માટે તેમના ફોન પર પાછા ફોન કરવાની ખાતરી આપવામાં આવી.

મળતી માહિતી અનુસાર, જૂનાગઢ મનપાની ચૂંટણીમાં ઉમેદવારોનું અનોખું ચૂંટણી વચન સામે આવ્યું છે, વોર્ડ નં ૪ અને ૬ના તમામ કોંગ્રેસના ઉમેદવારોએ સોગંદનામુ કર્યું છે. સોગંદનામું જાહેર કરીને મતદારોને બાંહેધરી આપી છે. પ્રાથમિક સુવિધાઓ અંગે ફરીયાદ કે નિવારણ માટે પ્રયત્નશીલ રહેશે, લોકોને પડતી મુશ્કેલીનું નિવારણ કરશે, લોકો ફોન કરશે તો રીસીવ કરવા બાંહેધરી આપી છે. કોલ રીસીવ ન થાય તો સામેથી ફોન કરવા વચન આપ્યું છે. ઉમેદવારોનો પરાજય થશે છતાં પણ લોકોની વચ્ચે રહેશે તેવી બાંહેધરી આપી છે. આ સોગંદનામા આપેલી બાંહેધરીથી રાજકીય વાતાવરણ ગરમાયું છે.

કોંગ્રેસના ઉમેદવાર લલિત પરસાણા જેમણે વોર્ડ નંબર ૬ માં પોતાના ઉમેદવારી પત્રક ભરી છે, તેમના મતે આ અનોખા વચનો આપવાથી લોકસેવાના ભાવના વાળા સમર્થકો સાથે વધુ સબંધો બાંધવા માટે માર્ગ મળી રહ્યો છે.

જરૂરી સુવિધાઓ માટે પ્રત્યેક વ્યક્તિની આવશ્યકતાઓનો જવાબદારીથી નિરાકરણ લાવવાનો આ પ્રતિબદ્ધ પ્રયાસ, ઉમરાવેલા મતદારો માટે સકારાત્મક રીતે સાબિત થશે.

## તંત્રીની કલમે.................

# સ્થૂળતા વિરુદ્ધ અભિયાન

નિષ્ક્રિય અને પ્રોસેસ્ડ ખાદ્ય ચીજોના સેવનવાળી પશ્ચિમી ભોજનશૈલીનું આંધળું અનુકરણ સ્થૂળતાનું મુખ્ય કારણ છે. મુશ્કેલી એ છે કે આપણે સ્થૂળતાને ગંભીરતાથી નથી લેતા, જ્યારે તે અનેક ગંભીર બિનસંક્રામક રોગોનું કારણ બને છે. અસલમાં સ્થૂળતાને કારણે ડાયાબિટીસ અને હાઇ બીપીની સાથે જ હાઇ કોલેસ્ટ્રોલની સ્થિતિ પેદા થાય છે, જે સમયાંતરે હૃદય રોગનું કારણ બને છે. પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય મેડિકલ પત્રિકા લાન્સેટ અનુસાર ૨૦૨૨માં ભારતમાં લગભગ સાત કરોડ લોકો સ્થૂળતાથી પીડિત હતા. જેમાં ૪.૪ કરોડ સંખ્યા મહિલાઓની હતી. સૌથી વધારે ગંભીર વાત એ છે કે સવા કરોડ બાળકો પણ સ્થૂળતાથી પીડિત હતાં. જ્યારે આઇસીએમઆરનો રિપોર્ટ તો એનાથી પણ મોટાખતરા તરફ ઇશારો કરે છે. જે અનુસાર દેશમાં લગભગ બાર કરોડ લોકો સ્થૂળતાથી થનારી બીમારીઓ જેમ કે ડાયાબિટીસ, હાઇ બીપી, હાઇ બીપી વગેરેથી પીડિત છે. નિશ્ચિતપણે આ સ્થિતિ સ્વસ્થ ભારતના મિશનના લક્ષ્ય પર પાણી ફેરવનારી છે. ત્યારે જ ગત દિવસોમાં રાષ્ટ્રીય રમતોના ઉદ્ઘાટન સમારોહમાં વડાપ્રધાન મોદીએ સ્થૂળતાની ગંભીર થતી સમસ્યા પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે દેશમાં સ્થૂળતા વિરુદ્ધ જન અભિયાન શરૂ કરવાનું આહ્વાન કર્યું હતું. વડાપ્રધાનની આ અપીલને દેશની પ્રસિદ્ધ હસ્તીઓનું ભરપૂર સમર્થન મળ્યું છે. એટલું જ નહીં, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની દક્ષિણ પૂર્વ એશિયન એકમે વડાપ્રધાનની સાર્થક પહેલનું સ્વાગત કરતાં નિયમિત શારીરિક સક્રિયતા, પૌષ્ટિક અને સંતુલિત ભોજનની પ્રાથમિકતા સાથે સ્થૂળતા વિરુદ્ધ અભિયાનની વાત કરી.

ઉલ્લેખનીય છે કે સ્થૂળતા વિરુદ્ધ રાષ્ટ્રવ્યાપી અભિયાનની જવાબદારી દેશની સાતસો મેડિકલ કોલેજોને સોંપવામાં આવી છે. મેડિકલ કોલેજના સ્વાસ્થ્ય વિશેષજ્ઞો અને કાર્યકર્તાઓની ટીમ ઘરે ઘરે જઈને સંદેશ આપશે કે સ્થૂળતા માત્ર સમસ્યા નથી પણ ગંભીર બીમારીઓની કારક છે. આ અભિયાનમાં સામેલ થતાં દિલ્હી એમ્સના ચૌદ ડોક્ટરોએ સ્થૂળતાના આપણા સ્વાસ્થ્ય પર પડનારા ઘાતક પ્રભાવો પર વિમર્શ કરતાં નાગરિકોને સક્રિય અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનું આહ્વાન કર્યું. મહત્ત્વની વાત એ છે કે જલ્દી દેશની તમામ સરકારી હોસ્પિટલોમાં સ્થૂળતા વિરુદ્ધ અભિયાનના ક્રમમાં વિશેષ ઓપીડી સંચાલિત થશે. અહીં અન્ય સ્વાસ્થ્ય વિશેષજ્ઞો ઉપરાંત આહાર વિશેષજ્ઞ પણ પૌષ્ટિક અને સંતુલિત ભોજન સાથે યોગ અને વ્યાયામની જાણકારી આપશે.ચિકિત્સકોનું માનવું છે કે સ્થૂળતાને કારણે ફેફસાં પર પણ દબાણ વધે છે. તેનાથી અસ્થમા અને ઊંઘની અનિયમિતતા સાથે જોડાયેલી બીમારીઓ પેદા થઈ શકે છે. જ્યારે સાંધા પર વધુદબાણ પડવાથી ગઠિયો વા અને આર્થરાઇટીસ જેવી બીમારીઓ પણ પેદા થઈ શકે છે. આ જ કારણ છે કે ડબ્લ્યુએચઓ સ્થૂળતાને એક વૈશ્વિક મહામારી તરીકે જોઈ રહ્યું છે. જે છેલ્લા પાંચ દાયકામાં ત્રણ ગણી વધી ગઈ છે. સૌથી મોટો પડકાર ગૃહિણીઓના સ્વાસ્થ્યને લઈને છે. અસલમાં મહિલાઓમાં ૨૦૨૨માં સ્થૂળતાનો દર ૯.૮ ટકા થઈ ગયો છે. નિશ્ચિતપણે દેશમાં સ્થૂળતા વિરુદ્ધ લડાઈ કેટલાય મોરચે લડવી પડશે. યોગ અને અન્ય શારીરિક વ્યાયામ તેમાં ખાસ મદદગાર બની શકે છે.

### ડોનાલ્ડ ટ્રમ્પનો વધુ એક ચોંકાવનારો નિર્ણય

# એક સેન્ટના સિક્કાનું પ્રોડક્શન બંધ કરવાનો આપ્યો આદેશ



એજન્સી દ્વારા
વોશિંગ્ટન

અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક ચોંકાવનારો નિર્ણય લીધો છે. તેમણે Penny એટલે કે ૧ સેન્ટના સિક્કાનું પ્રોડક્શન બંધ કરવા ટ્રેઝરી ડિપાર્ટમેન્ટને આદેશ આપ્યો છે. પેની એટલે કે ૧ સેન્ટ અમેરિકામાં સૌથી નાની કરન્સી છે. પેનીના પ્રોડક્શનમાં થતા ખર્ચને જોતા આ નિર્ણય લેવાયો છે. એક પેનીના પ્રોડક્શનમાં ૩ સેન્ટ કરતા વધુ ખર્ચ થાય છે. એટલે જ ઘણા વર્ષોથી તેને બંધ કરવાની માગ ઉઠી રહી હતી. એક પેની અમેરિકન ડોલરના ૧૦૦મા હિસ્સા બરાબર હોય છે. અમેરિકામાં ૧૮૫૭માં હાફ સેન્ટનું પ્રોડક્શન બંધ કરાયું હતું અને તે પછીથી અત્યાર સુધી પેની એટલે કે એક સેન્ટના સિક્કા અમેરિકાની સૌથી નાની કરન્સી છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું કે, ઘણા વર્ષોથી અમેરિકામાં પેનીનું પ્રોડક્શન થઈ રહ્યું છે અને જેની પડતર ૨ સેન્ટથી વધુ છે. તેમણે તેને પૈસાની બરબાદી જણાવતા તેમણે ટ્રેઝરી સેક્રેટરીને નવી પેનીનું પ્રોડક્શન બંધ કરવા કહ્યું હોવાનું જણાવ્યું હતું. ગત મહિને ઈલોન મસ્કના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)એ ૧ સેન્ટના સિક્કાની પડતર અંગે વાત કરી હતી. તે પછીથી તેનું પ્રોડક્શન બંધ કરવાની માગ જોર પકડવા લાગી હતી.

વર્ષ ૨૦૨૩માં યુએસ મિન્ટે લગભગ ૪.૧ અબજ પેનીનું પ્રોડક્શન કર્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૪માં યુએસ મિન્ટે કહ્યું હતું કે, એક પેનીના પ્રોડક્શનમાં ૩.૭ સેન્ટનો ખર્ચ આવે છે. જે ગત વર્ષની સરખામણીમાં ૨૦ ટકાથી વધુ છે. ઝિંક અને કોપર સહિતના મેટલ્સની કિંમતમાં થયેલા વધારાના કારણે સિક્કા બનાવવા મોંઘા પડી રહ્યા છે. ૨૦૧૩માં બ્રુકિંગ ઈન્સ્ટીટ્યૂશને પણ પેનીનું પ્રોડક્શન બંધ કરવાની તરફેણ કરી હતી. જોકે, અમેરિકાની કરન્સીમાં કયું મેટલ વપરાશે અને તેની ડિઝાઈન કેવી હશે તે કાયદા ઘડનારા નક્કી કરતા હોય છે, ત્યારે શું ટ્રમ્પ અમેરિકન સંસદ કોંગ્રેસની મંજૂરી વિના આવો કોઈ ફેરફાર કરી શકે ખરા? તે સવાલ પણ પૂછાઈ રહ્યો છે.

કેટલાક એક્સપર્ટસનું માનવું છે કે, ટ્રેઝરી સેક્રેટરી સંસદની મંજૂરી વિના કરન્સીનું પ્રોડક્શન બંધ કરી શકે છે. ટ્રમ્પના આ નિર્ણયની તરફેણ કરનારાઓનું કહેવું છે કે, તેનાથી ખર્ચ બચશે, ચેકઆઉટ્સમાં ઝડપ આવશે અને પેનીનો સંગ્રહ થવાનું ઘટશે. કેનેડા જેવા કેટલાક અન્ય દેશોએ તો પહેલેથી જ પેનીને તબક્કાવાર ચલણમાંથી બહાર કરવાનું શરૂ કરી દીધું છે. કેનેડાએ વર્ષ ૨૦૧૨માં પેનીનું પ્રોડક્શન બંધ કરી દીધું હતું.

ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પ વહિવટી તંત્રનું ધ્યાન સતત ખર્ચ પર કાપ મૂકવામાં, સંપૂર્ણ એજન્સીઓ અને મોટી સંખ્યામાં ફેડરલ વર્કફોર્સને નોકરીમાંથી હાંકી કાઢવા પર કેન્દ્રીત છે.

સાથે જ ગત ટ્રમ્પે સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર ૨૫ ટકા ટેરિફ લગાવવાની પણ જાહેરાત કરી છે. તેમણે કહ્યું હતું કે, તેઓ જુદા-જુદા દેશો પર પારસ્પરિક ટેરિફ પણ લગાવશે. જોકે, તેમણે કયા દેશો પર આ ટેરિફ લગાવાશ તે જણાવ્યું ન હતું. તેમણે સંકેત આપ્યો હતો કે, જે પણ દેશ અમેરિકા પર વધુ ટેરિફ લગાવે છે, તેઓ તેના પર પણ એટલો જ ટેરિફ લગાવશે.

ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના પહેલા કાર્યકાળમાં પણ સ્ટીલ પર ૨૫ ટકા અને એલ્યુમિનિયમ પર ૧૦ ટકા ટેરિફ લગાવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ટ્રમ્પ ફાર્માસ્યૂટિકલ, ઓઈલ અને સેમીકન્ડક્ટર જેવી વસ્તુઓ પર પણ ટેરિફ લગાવી શકે છે. જોકે, ટ્રમ્પનું આ પગલું સમગ્ર દુનિયા પર આર્થિક અસર કરી રહ્યું છે.

# ગુજરાતમાં અન્ય રાજ્યો કરતા વન આવરણમાં નજીવો વધારો

પ્રતિનિધિ દ્વારા
ગાંધીનગર

ગુજરાતમાં દર ચોમાસા પૂર્વે કરોડો રૂપિયાના ખર્ચે લાખો-કરોડો રોપાનું વાવેતર જંગલ સહિતના વિસ્તારોમાં કરાતું હોવા છતાં દેશભરના રાજ્યોની સરખામણીમાં રાજ્યમાં જંગલ જમીન અને વૃક્ષારોપણના વિસ્તારમાં મામૂલી વધારો થવા પામ્યો છે. વર્ષ ૨૦૨૧ની સરખામણીમાં ૨૦૨૩માં વન અને વૃક્ષારોપણમાં વૃદ્ધિ થવા પામી છે તેમાં ગુજરાત કરતા અનેક રાજ્યમાં મોટો વધારો થયો છે. ગુજરાતમાં વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં ફક્ત ૧૬૪.૦૮ કિલોમીટરનો જ વધારો થવા પામ્યો છે. ગુજરાતમાં દરેક ચોમાસામાં કરોડો રોપાનું વાવેતર કરાતું હોય છે પરંતુ પૂરતી માવજતના અભાવે તેમાંથી મોટાભાગના કરમાઈ જતા હોય છે. સામાજિક વનીકરણ સહિતની વિવિધ ઝુંબેશના નામથી વાવેતર કરાય છે પરંતુ થોડા સમય પછી તેમાંથી અનેક ટ્રી ગાર્ડ ખાલી જોવા મળે છે. ખરેખર કેટલા રોપામાંથી મોટા વૃક્ષ થાય છે તેનો ઘટસ્ફોટ ભારત વન સ્થિતિ રિપોર્ટ-૨૦૨૩માં થવા પામ્યો છે. તે મુજબ સમગ્ર દેશમાં વર્ષ ૨૦૨૧ની તુલનામાં ૧૪૪૫.૮૧ ચોરસ કિલોમીટર વિસ્તારની વૃદ્ધિ થવા પામી છે. તેમાં ગુજરાતમાં ૧૬૪.૦૮ ચોરસ કિલોમીટરનો વધારો દર્શાવાયો છે. આશ્ચર્યની વાત એ છે કે અનેક રાજ્ય એવા છે જેમાં ગુજરાત કરતા વધુ મોટી સંખ્યામાં આ વધારો નોંધાયો છે એટલું જ નહીં કુલ વન વિસ્તાર પણ વિપુલ પ્રમાણમાં છે.

# આઠ મહિના પહેલા ઈલીગલી અમેરિકા જવા નીકળેલાં ઝુલાસણના ૨૪ યુવકો ગુમ

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર

૨૦૨૫ શરૂ થતાં જ ૩૩ ગુજરાતીઓ અમેરિકાથી ડિપોર્ટ થઈને પાછા આવી ચૂક્યા છે અને આગામી દિવસોમાં પણ તેમનો પ્રવાહ સતત ચાલુ રહેવાનો છે તેવામાં હાલની સ્થિતિએ ઘણા ગુજરાતીઓ અમેરિકા જવાના પ્રયાસમાં અલગ-અલગ દેશોમાં રોકાયેલા છે. આવા જ એક કેસમાં ગાંધીનગર જિલ્લામાં આવેલા ઝુલાસણ ગામના ઈલીગલી અમેરિકા જવા નીકળેલા ૨૪ જેટલા યુવકોનો કોઈ અતોપતો નથી. અમેરિકન એસ્ટ્રોનોટ સુનિતા વિલિયમ્સના ગામ એવા ઝુલાસણના આ યુવકો આઠેક મહિના પહેલા અમેરિકા જવા નીકળ્યા હતા પરંતુ હાલ તેમાંથી એકેય કોન્ટેક્ટમાં નથી.

ઝુલાસણમાં રહેતા એક વ્યક્તિએ આ અંગે જણાવ્યું હતું કે યુએસ જવા નીકળેલા આ યુવકો અમેરિકા પહોંચી ગયા છે કે હજુય ક્યાંક રસ્તામાં જ છે તેની પણ કોઈનેય ખબર નથી. આ જ ગામમાં રહેતા અન્ય એક વ્યક્તિનું માનીએ તો અમેરિકાથી પહેલી ડિપોર્ટેશન ફ્લાઈટ ઈન્ડિયા આવી તેના તમામ અપડેટ્સ પર ઝુલાસણના લોકો પણ ચાંપતી નજર રાખી રહ્યાં છે, જે રીતે હાલ માસ ડિપોર્ટેશન ચાલી રહ્યું છે તેનાથી લોકોમાં ચિંતાનો માહોલ છે કારણકે ઝુલાસણના જ બે હજારથી વધારે લોકો અમેરિકા રહે છે અને તેમાં મોટાભાગના ઈલીગલી ગયેલા છે. જે બે ડઝન યુવકો હાલ સંપર્કવિહોણા બન્યા છે તેમના પરિવારજનોને પણ હવે તેમની સલામતીની ચિંતા થઈ રહી હોવાનું પણ આ વ્યક્તિએ જણાવ્યું હતું.

આ પહેલા જાન્યુઆરી ૨૦૨૩માં ઈલીગલી યુએસ જવા નીકળેલા નવ ગુજરાતીઓના ગુમ થવાનો મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો પરંતુ આજ દિન સુધી આ તમામ લોકો લાપતા છે અને તેમનું છેલ્લું લોકેશન પણ કન્ફર્મ નથી કરી શકાયું. આ નવ ગુજરાતીઓ ગુમ થયા છે તેની જાણ પણ તેમના પરિવારજનોએ એજન્ટો સામે પોલીસ ફરિયાદ કર્યા બાદ બહાર આવી હતી જ્યારે ઝુલાસણનો મામલો તો હજુ પોલીસ સુધી પહોંચ્યો જ નથી. આ બાબતથી માહિતગાર એક સૂત્રનું માનીએ તો સંપર્કવિહોણા બનેલા આ યુવકો અમેરિકા પહોંચી ગયા હોવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી અને શક્ય છે કે તેમને એજન્ટો દ્વારા હાલ કોઈની પણ સાથે વાત ના કરવાની સૂચના અપાઈ હોય કે પછી આ લોકો અમેરિકા પહોંચવાની રાહમાં કોઈ દેશમાં અટવાયેલા પણ હોઈ શકે છે.

ઝુલાસણના સરપંચ મણીબેન પટેલના જણાવ્યા અનુસાર ગામમાં પાટીદારોની ત્રણેક હજાર જેટલી વસ્તી છે જેમાંથી બે હજાર લોકો હાલ અમેરિકામાં છે, તેમણે જણાવ્યું હતું કે ગામના લોકો સમાજના દબાણ તેમજ વધુ પૈસા કમાવવા માટે અમેરિકા જાય છે, આમ તો ગામમાં પણ લોકોની આવક સારી છે પરંતુ, વધારે પૈસા તેમજ સારી જિંદગી માટે લોકો અમેરિકા જવાનું પસંદ કરે છે અને તેના માટે ઈલીગલ રસ્તો અપનાવવામાં પણ તેમને કોઈ વાંધો નથી.ઝુલાસણના સરપંચે એવું પણ કહ્યું હતું કે ગામમાંથી કેટલા લોકો ઈલગીલી યુએસ ગયા છે તેનો કોઈ ચોક્કસ આંકડો તેમની પાસે નથી પરંતુ આ સંખ્યા ઘણી મોટી હોવાની પૂરી શક્યતા છે. વિદેશ જવા માગતા ઉત્તર ગુજરાતના ઘણા લોકો ઝુલાસણમાં આવેલા વિખ્યાત દોલા માતાના દર્શન કરવા માટે પણ જતાં હોય છે, એવી માન્યતા છે કે જો દોલા માતાને સાચા દિલથી પ્રાર્થના કરવામાં આવે તો વિદેશ જવાની ઈચ્છા પૂરી થતી હોય છે.છેલ્લા કેટલાક વર્ષોમાં ઝુલાસણ અને તેની આસપાસના ગામડાંમાં પણ લોકોમાં ઈલીગલી યુએસ જવાનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. જોકે, એજન્ટો પર આંધળો વિશ્વાસ મૂકતા લોકો યુએસ જવા નીકળેલા લોકો લાંબો સમય સુધી સંપર્કમાં ના રહે તો પણ પોલીસ ફરિયાદ નથી કરતા હોતા. આમ તો મેક્સિકોવાળી લાઈનથી અમેરિકા પહોંચવામાં એકથી લઈને ત્રણેક મહિના થતાં હોય છે પરંતુ, હાલની સ્થિતિમાં મેક્સિકો બોર્ડર ઉપરાંત અન્ય દેશોમાં પણ ચેકિંગ ખૂબ જ વધી ગયું હોવાથી બોર્ડર સુધી તો ઠીક પણ મેક્સિકો પહોંચવાનું પણ જરાય આસાન નથી રહ્યું. છેલ્લા છ-આઠ મહિનામાં આ જ રૂટથી યુએસ જવા નીકળેલા કેટલાય ગુજરાતીઓ દુબઈમાં અનેક દિવસો સુધી રોકાઈને ઈન્ડિયા પાછા આવી ગયા હતા જ્યારે અમુકને તો મેક્સિકોથી પણ ડિપોર્ટ કરાયા હતા. જોકે, છ મહિના સુધી અમેરિકા પહોંચવાનો મેળ ના પડ્યા બાદ કોઈનો સંપર્ક થવાનું જ બંધ થઈ ગયું હોય તેવી ઘટના ભાગ્યે જ સામે આવતી હોય છે. આવું કંઈ થાય ત્યારે પેસેન્જરના ફેમિલીવાળા એજન્ટો પર ભયાનક પ્રેશર કરતા હોય છે પરંતુ, હોશિયાર એજન્ટો પણ કોને શું જવાબ આપવાનો છે તે સારી રીતે જાણતા હોય છે. ઝુલાસણના આ ૨૪ લોકોનો જો જલ્દી પત્તો ના લાગ્યો તો આવનારા દિવસોમાં આ મુદ્દો પણ મોટું સ્વરૂપ ધારણ કરી શકે છે.

# પ્રયાગરાજમાં ભારે ટ્રાફિક જામ : લોકોને બોલાવ્યા પછી બધા જવાબદાર લોકો ગાયબ થઈ ગયા છે : અખિલેશ યાદવ

એજન્સી દ્વારા

લખનૌ

વાહનોની લાંબી કતારો, કલાકો સુધી રાહ જોવી... દેશભરમાંથી મહાકુંભ નગરની આસપાસના વિસ્તારોમાં આવતા લોકો માટે આ એક સામાન્ય દૃશ્ય બની ગયું છે. છેલ્લા કેટલાક દિવસોથી, મહાકુંભ નગર તરફ જતા રસ્તાઓ પર ભારે ટ્રાફિક જામ છે. આ દરમિયાન, રાજકીય પક્ષોએ તેમના કાર્યકરોને લોકોને મદદ કરવા અપીલ કરી છે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે સરકાર પર બેદરકારીનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું, લોકો ચિંતિત છે, બેચેન છે અને કોઈ જવાબદાર મંત્રી કે વ્યક્તિ દેખાતો નથી. અહીં, મેળાના રૂટ પર અનેક કિલોમીટર સુધી ટ્રાફિક જામ જોઈને, ભારતીય જનતા પાર્ટીના સંગઠન મંત્રી બીએલ સંતોષે જામમાં ફસાયેલા લોકોને ખોરાક અને પાણી આપવાની વાત કરી છે.

તેમણે ઈન્સ્ટાગ્રામ પર પોતાના પક્ષના કાર્યકરોને લખ્યું, 'પક્ષ પ્રમુખ જેપી નડ્ડાના નિર્દેશ પર, કાર્યકરોએ રસ્તાઓ પર ટ્રાફિક વ્યવસ્થાપનમાં વહીવટીતંત્રને મદદ કરવી જોઈએ, કુંભ યાત્રાળુઓને ખોરાક અને તબીબી પુરવઠો પૂરો પાડવો જોઈએ.' બીએલ સંતોષના ટ્વીટ પછી, યુપી ભાજપ એક્શનમાં જોવા મળી રહી છે.

પાર્ટીના રાજ્ય મહાસચિવ (સંગઠન), ધર્મપાલે તેમના કાર્યકરોને ફસાયેલા શ્રદ્ધાળુઓને ખોરાક, પાણી વગેરે પૂરું પાડવા સૂચના આપી. પાર્ટી કાર્યાલય તરફથી લગભગ ૧૦ જિલ્લાના જિલ્લા વડાઓ અને નેતાઓને સૂચનાઓ મોકલવામાં આવી રહી છે જેથી ફસાયેલા મુસાફરોને તાત્કાલિક મદદ મળી શકે. આ સંદર્ભમાં, પ્રતાપગઢ, રાયબરેલી, અમેઠી, ભદોહી, મિર્ઝાપુર, અયોધ્યા, આંબેડકરનગર, મિર્ઝાપુર, ચિત્રકૂટ વગેરે જિલ્લાઓના પ્રમુખોને પણ સૂચનાઓ જારી કરવામાં આવી છે.

મધ્યપ્રદેશ ભાજપ પ્રમુખ વીડી શર્માએ પણ કાર્યકરોને તેમના વિસ્તારોમાંથી મહાકુંભમાં જતા શ્રદ્ધાળુઓને શક્ય તેટલી મદદ પૂરી પાડવા વિનંતી કરી છે. તેમણે કહ્યું, "બધા કાર્યકરોને વિનંતી છે કે તેઓ તમારા વિસ્તારમાંથી મહાકુંભમાં જતા ભકતોને મદદ કરે. તેમના ભોજનની વ્યવસ્થા કરો અને જો જરૂર હોય તો રહેવાની પણ વ્યવસ્થા કરો.



ભક્તોને કોઈ અસુવિધા ન થાય તેનું ખાસ ધ્યાન રાખો. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે પ્રયાગરાજમાં ભારે ટ્રાફિક જામ માટે યુપી સરકારની ટીકા કરી અને કહ્યું કે આના કારણે મહા કુંભ મેળામાં આવતા ભક્તોને ઘણી અસુવિધા થઈ રહી છે. અખિલેશ યાદવે ૮ ના રોજ કહ્યું હતું કે, પ્રયાગરાજમાં જામને કારણે ખાવા માટે અનાજ અને શાકભાજી-મસાલા નથી મળતા કે દવાઓ, પેટ્રોલ-ડીઝલ પણ નથી મળતા. આના કારણે, પ્રયાગરાજ અને મહાકુંભ પરિસરમાં અને પ્રયાગરાજ તરફ જતા રસ્તાઓ પર ફસાયેલા લાખો ભૂખ્યા, તરસ્યા, થાકેલા અને થાકેલા ભક્તોની હાલત દર કલાકે વધુ ખરાબ થઈ રહી છે. આ ખૂબ જ ગંભીર પરિસ્થિતિ છે.

તેમણે કહ્યું, જેમ રાજયોમાં બંધારણીય વ્યવસ્થા નિષ્ફળ જાય છે, ત્યારે આદેશ બીજા કોઈને સોંપવામાં આવે છે, તેવી જ રીતે મહાકુંભમાં અરાજકતા જોઈને, કયા સક્ષમ વ્યક્તિને શાસનની કમાન સોંપવી જોઈએ. અસમર્થ લોકો ખોટો પ્રચાર ફેલાવી શકે છે, સાચી વ્યવસ્થા નહીં.

તેમણે દાવો કર્યો હતો કે ભક્તોના મોબાઈલ ફોનની બેટરી ખતમ થઈ ગઈ છે અને તેમનો તેમના લોકો સાથેનો સંપર્ક તૂટી ગયો છે.

સંદેશાવ્યવહાર અને માહિતીના અભાવે લોકોમાં ચિંતા વધી છે. પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે કોઈ જવાબદાર મંત્રી કે વ્યક્તિ હોય તેવું લાગતું નથી. મુખ્યમંત્રી સંપૂર્ણ રીતે નિષ્ફળ સાબિત થયા છે અને તે ઉપરાંત, નાયબ મુખ્યમંત્રી અને પ્રયાગરાજના ઘણા અગ્રણી મંત્રીઓ પણ ગુમ છે. જેમને જનતામાં રહેવું જોઈતું હતું તેઓ ઘરે બેઠા છે.તેમણે કહ્યું કે, કોન્સ્ટેબલો, ચોથા વર્ગના કર્મચારીઓ અને સફાઈ કર્મચારીઓ, જેઓ દિવસ-રાત ભૂખ્યા-તરસ્યા રહીને શ્રદ્ધાપૂર્વક ઊભા રહે છે, તેમના માટે ખોરાક અને પાણીની કોઈ વ્યવસ્થા નથી. અધિકારીઓ રૂમમાં બેસીને આદેશો આપી રહ્યા છે પણ જમીન પર તેનો અમલ કરી રહ્યા નથી.

યાદવે કહ્યું કે, પ્રયાગરાજના રહેવાસીઓને ગંદકી, જામ અને મોંઘવારી સિવાય કંઈ મળ્યું નથી. સાંભળવામાં આવ્યું છે કે હવે ભાજપ ભક્તો પર આરોપ લગાવી રહી છે કે જ્યારે તેઓ જાણે છે કે ખરાબ વ્યવસ્થા બધે ફેલાઈ ગઈ છે તો ભક્તો કેમ આવી રહ્યા છે. કેટલાક લોકો અકસ્માતનો ભોગ બનેલા લોકોને પોતાના માટે છોડીને બીજા રાજ્યોમાં સમારોહમાં હાજરી આપવા જઈ રહ્યા છે, તો કેટલાક વિદેશ જઈ રહ્યા છે.

# પ્રયાગરાજના મહાકુંભ મેળામાં ઉત્તર ગુજરાતના રોટલા અને સૌરાષ્ટ્રના ગાંઠિયાની બોલબાલા

ગાંધીનગર

તીર્થરાજ પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભ મેળો ગુજરાતની સખી મંડળની બહેનો માટે પણ રોજગારીનો અવસર લાવી છે. કુંભમેળામાં સંગમ સ્નાન કરવા માટે મોટી સંખ્યામાં જઇ રહેલા ગુજરાતીઓ માટે ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલા પેવેલિયન પાસે ઉભી કરાયેલી કાફેટેરિયામાં ગુજરાતી વ્યંજનો બનાવવા અને પીરસવાની જવાબદારી ગુજરાતથી ગયેલી વિવિધ સખી મંડળની બહેનોને સોંપવામાં આવી છે. વિશેષ વાત તો એ છે કે, આ કાફેટેરિયામાં બનતા ગાંઠિયા અને કાઠિયાવાડી થાળીનો ચટકો અન્ય રાજયના સ્વાદરસિયાઓને પણ લાગ્યો છે.




પ્રયાગરાજમાં ગંગા નદીના વિશાળ પટમાં ઉભી કરવામાં આવેલા કુંભ મેળાના અલાયદા નગરમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા સેક્ટર-૬માં ભારદ્વાજ નગર પાસે એક વિશાળ પેવેલિયન બનાવવામાં આવ્યું છે. અહીં યાત્રિકોને સાવ નજીવા દરે ઉતારો આપવામાં આવે છે. યાત્રાળુંઓની સુવિધાના ધ્યાને રાખી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે બીજા ૨૯૫ પથારીની સુવિધા સાથેનો ડોમ ઉદ્દઘાટિત કર્યો છે.

ગુજરાત પેવેલિયનથી સંગમ સ્થાન માત્ર ચારેક કિલોમિટરના અંતરે છે. નાગવાસુકી મંદિરના રસ્તેથી સરળતાથી સંગમ સ્થાને જઇ શકાય છે. આ બાબતને ધ્યાને રાખી ગુજરાત પ્રવાસન નિગમનું પેવેલિયન લોકપ્રિય બન્યું છે. એસટી દ્વારા શરૂ કરવામાં આવેલી બસ સુવિધાના યાત્રીઓને પણ અહીં ઉતારવામાં આવે છે.

ગુજરાત પેવેલિયનમાં રાજ્યના પ્રવાસન સ્થળોના નિદર્શન સાથે એક વિશેષ વાત એ ધ્યાને પડે છે કે, અહીં સખી મંડળની બહેનો દ્વારા કાફેટેરિયા ચલાવવામાં આવી રહ્યો છે. આ કાફેટેરિયામાં ચાકોફી ઉપરાંત ઉત્તર ગુજરાતના રોટલા સાથે કાઠિયાવાડી થાળી અને સૌરાષ્ટ્રના ગાંઠિયા પણ મળે છે. ગુજરાતી હોય એટલે સ્વાદમાં કોઇ કમી ના રહેવી જોઇએ ! એટલું જ નહીં, થેપલા પણ મળે છે બોલો ! પ્રયાગરાજથી પરત ફરતી વેળાએ ભાથામાં થેપલા લઇ જવા અહીં સખી મંડળની બહેનોને ઓર્ડર આપવામાં આવે છે.

મહેસાણાથી અહીં આવેલા શિવ મિશન મંગલમ્ નામક સખી મંડળના જલ્પાબેન ઠાકોરના હાથથી બનેલા બાજરાના રોટલાનો સ્વાદ તો બિનગુજરાતીઓને પણ લાગ્યો છે. જલ્પાબેન અને તેમના પતિ રાહુલભાઇએ અહીં સ્ટોલ લગાવ્યો છે અને સાવ સસ્તા દરે રોટલા સાથે કાઠિયાવાડી, ગુજરાતી થાળી જમાડે છે. જલ્પાબેનના હાથે વાઘારેલા શાક અને મસળી મસળી બનાવેલા કડક રોટલા થોડા સમયમાં જ અહીં લોકપ્રિય બની ગયા છે. બીજા રાજ્યના લોકો પણ અહીં કાઠિયાવાડી થાળી જમવા આવે છે. આ યુગલ પ્રતિદિન સાતથી આઠ હજારની કમાણી આસાનીથી કરી લે છે.

ગુજરાત પેવેલિયન ગાંઠિયાવાડ પણ બન્યું છે. અહીં જૂનાગઢથી આવેલા રાધે મંગલમ્ જૂથના બહેન વણેલા ગાંઠિયા, ફાફડા અને જલેબી પ્રવાસીઓને ખવડાવી રહ્યા છે. ગુજરાતથી થયેલા યાત્રાળુંઓને ગુજરાત બહાર હોવાનો બિલ્કુલ અહેસાસ ના થાય એવો માહોલ આ પેવેલિયનમાં છે.

જો તમે મહાકુંભમાં જતા હો તો સેક્ટર-૬માં આવેલા ગુજરાત પેવેલિયનની મુલાકાત અચૂક લેવા જેવી છે. સામાન્ય સંજોગોમાં ફાફાંમઉથી કાર સાથે અહીં સુધી પહોંચી શકાય છે.

# સાયલાના વાસુકીનગર હોળીધાર વિસ્તારમાં ૪૫ વર્ષીય શખ્સની હત્યાથી ચકચાર

સાયલા

પ્રાઈવેટ નોકરી કરનારા ૪૫ વર્ષીય હિમંત પંડ્યા નામના વ્યક્તિની છરી, ધારીયા, લોખંડના પાઈપ તેમજ લાકડીઓ સહિતના હથિયાર વડે હુમલો કરી સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા ખાતે વાસુકી નગર હોળીધાર વિસ્તારમાં હત્યા કરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

સમગ્ર મામલે મૃતકના ૫ર વર્ષીય મોટાભાઈ પ્રકાશ પંડ્યા દ્વારા પાડોશમાં રહેતા નરેશ અઘારા તેમજ તેના ભાઈ ગિરધર અઘારા કૌટુંબિક મુકેશ અઘારા તેમજ નરેશના બંને પુત્રો રાજન અને ઉમંગ અઘારા વિરુદ્ધ સાયલા પોલીસ સ્ટેશન ખાતે બીએનએસની કલમ ૧૦૩(૧), ૧૧૫(૨), ૬૧(૨), ૩૫૨, ૧૯૦, ૧૯૧(૨) સહિતની કલમ હેઠળ ગુનો નોંધાવતા પોલીસ દ્વારા જુદી જુદી ટીમ બનાવી આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

પોલીસને આપેલી ફરિયાદમાં મંડપ સર્વિસના વ્યવસાય સાથે સંકળાયેલા પ્રકાશ પંડ્યા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ નરેશ અઘારાની દીકરીના લગ્ન હતા. તેમજ ૬ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ મારી દીકરી ઉર્વશીના લગ્ન પ્રસંગ હતો. જે ખૂબ ધામધૂમપૂર્વક કરવામાં આવ્યા હતા. જે બાબત ઉમંગ અઘારાને સારી નહીં લાગતા તેમને ઈર્ષા થઈ હતી જેના કારણે તેણે પોતાના મિત્ર આકાશ મકવાણાના મોબાઈલમાંથી મારા દીકરા ગુંજનના મોબાઈલ ફોનમાં અમારા પરિવાર વિશે ખરાબ મેસેજ મોકલ્યા હતા. તેમજ ઈર્ષાવાળા સ્ટેટસ પણ રાખેલ હતા. જે સ્ટેટસ મુકવા બાબતે તેમજ મેસેજ મોકલવા બાબતે પ્રકાશ પંડ્યા દ્વારા નરેશ અઘારાના ઘરે જઈ ઠપકો આપતા તે બાબતનું મન દુઃખ રાખીને આરોપીઓ દ્વારા એક સંપ કરીને જુદા જુદા હથિયારો વડે હિંમતભાઈ પંડ્યાને જીવલેણ ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે.

પોલીસમાં આપેલી ફરિયાદમાં પ્રકાશ પંડ્યાએ જણાવ્યું છે કે, મારા દીકરા ગુંજને આકાશભાઈને ફોન કરીને કહ્યું હતું કે શા માટે તમે અમારા પરિવાર વિશે આવા મેસેજ કરો છો અને ઈર્ષાવાળા સ્ટેટસ રાખો છો. પછી આકાશે કહ્યું હતું કે મારા ફોનમાંથી ઉમંગ મેસેજ કરે છે તેમજ સ્ટેટસ મેં નથી રાખેલા. ત્યારે રવિવારના રોજ ૮:૩૦ વાગ્યાના અરસામાં પ્રકાશ પંડ્યા નરેશભાઈ ના ઘરે જઈને ઠપકો આપવા ગયા હતા. તેમજ કહ્યું હતું કે તમારો દીકરો ઉમંગ અમારા દીકરાને મોબાઈલમાં અમારા પરિવાર વિશે ખરાબ મેસેજ કરે છે. તેમજ ઈર્ષા વાળા સ્ટેટસ રાખે છે તો તમે તેને સમજાવો.

ત્યારે રવિવારના રોજ બપોરના સમયે પ્રકાશ પંડ્યા પોતાના પરિવારના સભ્યો સાથે દુકાનમાં કામકાજ કરતા હતા. તે દરમિયાન પોતાના ઘરની બહાર પોતાના નાનાભાઈ હિંમત પંડ્યા સાથે નરેશ અઘારા, ગિરધર અઘારા, મુકેશ અઘારા તેમજ રાજન અઘારા અને ઉમંગ અઘારા સહિતના ઝપાઝપી કરતા હતા. તેમજ તેમને માર મારતા હતા. ત્યારબાદ અમે પરિવારના સભ્યો તેમજ આડોશ પાડોશના લોકો વચ્ચે પડતા તે બધા વ્યક્તિઓ પોતપોતાના હથિયાર લઈને જતા રહ્યા હતા. ત્યારબાદ ૧૦૮ દ્વારા મારા ભાઈને સરકારી દવાખાને ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે તેમને મરણ ગયેલ જાહેર કર્યા હતા.બનાવ સંદર્ભે ઈન્વેસ્ટીગેશન ઓફિસર આર. જે. ગોહિલના જણાવ્યા અનુસાર આરોપીઓ તેમજ મરણ જનાર એક જ જ્ઞાતિના છે.

# વડોદરા એક્સપ્રેસ હાઈવે પર અકસ્માતમાં અમદાવાદના દંપતીનું મોત, બે બાળકોનો આબાદ બચાવ

અમદાવાદ

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર ફરી એક વખત ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં રહેતા સ્ક્રેપના વેપારી તેમની પત્ની અને બે બાળકો સાથે રવિવારે વહેલી સવારે એમ જી હેક્ટર કારમાં સુરતથી અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવેથી અમદાવાદ પરત આવી રહ્યા હતા ત્યારે તેમની કાર આગળ જઈ રહેલા આઈશર પાછળ ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં દંપતીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તેમના બે બાળકોનો આબાદ બચાવ થયો હતો. આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસે મૃતક કારચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.શાહીબાગની જૈન કોલોનીના મયુર ફ્લેટમાં રહેતા ગણપતલાલ જૈનનો ૩૬ વર્ષનો પુત્ર વિકાસ જૈન સરસપુર ખાતે સ્ક્રેપનો ધંધો કરતો હતો. ગત રવિવારે વિકાસભાઈ તેમના ભાઈ મનોજની એમજી હેક્ટર કાર લઈને પત્ની ઉષાબેન (૩૪ વર્ષ), પુત્રી જૈનીશા (૯ વર્ષ) અને પુત્ર ધ્રુવમ (૫ વર્ષ) સાથે સુરત ગયા હતા.તેઓ અમદાવાદ પરત ફરી રહ્યા હતા ત્યારે રવિવારે વહેલી સવારે ૩.૩૭ કલાકની આસપાસ રામોલ ટોલબૂથથી ૫૦૦ મીટર દૂર તેમની કાર આગળ જઈ રહેલા આઈશર સાથે અથડાઈ ગઈ હતી. વિકાસભાઈની કાર ઓવરસ્પીડમાં હોવાથી તેઓ કાર પર કાબુ રાખી શક્યા ન હતા અને આઈશર સાથે કાર અથડાવી દીધી હતી. અકસ્માતમાં વિકાસભાઈ અને તેમના પત્ની ઉષાબેનનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું. અકસ્માતમાં તેમની પુત્રી જૈનીશાને કોઈ ઈજા પહોંચી નથી જ્યારે પુત્ર ધ્રુવમને સામાન્ય ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં ખસેડાયો હતો. મૃતક વિકાસભાઈના પરિવારના જણાવ્યા મુજબ, વિકાસભાઈ તેમના પત્ની અને બાળકો સાથે સાળીના ઘરે એનિવર્સરીમાં ગયા હતા અને ત્યાંથી પાછા આવી રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. બનાવની જાણ થતા આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને મૃતક દંપતીની લાશનું પોસ્ટમોર્ટમ કરાવી કાર ચલાવી રહેલા વિકાસભાઈ સામે બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ કરવાનો ગુનો નોંધી અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. કાર ઓવરસ્પીડમાં હતી અને કાર ચલાવી રહેલા વિકાસભાઈને ઝોકું આવી જતા આ અકસ્માત સર્જાયો હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. પોલીસે જણાવ્યું કે, કારની સ્પીડ કેટલી હતી તે જાણવા માટે કાર કંપનીને ઈ-મેઈલથી જાણ કરી દેવામાં આવી છે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL